ક્રમાંક/ મા.વિ.૩/ ગાંધીજયંતી/ ૪૪૧૮૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
પાલનપુર,જિ.બનાસકાંઠા

તા. ૩૦/૦૯/૨૦૧૯

પ્રતિ,

આચાર્ય શ્રી,

સરકારી/ ગ્રાન્ટેડ/ નોન ગ્રાન્ટેડ તમામ

બનાસકાંઠા– પાલનપુર

વિષય :– મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની સમાપ્તિ દિવસની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :– પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીના પત્ર ક્રમાંક :

(૧)પ્રાશિનિ/છ–૨/સંકલન/૨૦૧૯/૫૪૯૭–૫૫૮૮ તા.૨૭/૦૯/૨૦૧૮

(૨)પ્રાશિનિ/છ–૨/સંકલન/૨૦૧૯/૪૫૩૨–૪૫૮૪ તા.૩૦/૦૮/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે , ભારત સરકારના માનવ સંશાધન વિકાસ વિભાગના તા.૩૦/૦૭/૨૦૧૯ના પત્ર અન્વયે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી સમાપ્તિ કાર્યક્રમ આગામી તા.૨જી ઓકટોબર–૨૦૧૯ના રોજ ઉજવણી થનાર છે. સદર દિવસે આપની શાળામાં નીચે મુજબના કાર્યક્રમો હાથ ઘરવાના રહેશે.

(૧) શાળાઓ રાબેતા મુજબ સવાર પાળીના સમયમ મુજબ ચાલુ રાખવી.

(૨) દરેક શાળામાં નરસિંહ મહેતા રચિત ગાંધીનજીનું પ્રિય ભજન "વૈષ્ણવ જન તો તેને કહીએ ......" નું સામુહિક ગાન શાળામાં કરાવવાનું રહેશે.

(૩) ગાંધીજીના જીવનના પ્રસંગોનો વાર્તાલાપ શિક્ષકો ધ્વારા વિધાર્થીઓ સાથે કરવાનો રહે. ગાંધીજીના પ્રેરક પ્રસંગો બાળકો સમક્ષ કરવાના રહેશે.

(૪) હાલમાં સીંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. સદર બાબતોને ધ્યાને લઈને બાળકોમાં આ નિયમ શાળા કક્ષાએથી દ્રઢ થાય અને સમાજમાં તેનું અનુંકરણ થાય તે ધ્યાને લઈને આ સાથે સામેલ " પ્લાસ્ટિક મુકત ભારત" નો સંકલ્પ લેવડાવવાનો રહેશે. જેનો નમુનો આ સાથે સામેલ છે.

(૫) જે શાળામાં પર્યાવરણ પ્રયોગશાળા બનાવવાની થતી હોય તેવી શાળાઓએ તા.૦૨/૧૦/૨૦૧૯ના રોજ પર્યાવરણ પ્રયોગશાળાની શરૂઆત કરવાની રહે.

(૬) ગાંધી જયંતિ નિમિતે દર વર્ષે શિક્ષકો ધ્વારા ખાદી ખરીદવામાં આવતી હોય છે. તે માટે તાલુકા કક્ષાએ વિવિધ ખાદી વેચાણ કેન્દ્રોનો સહયોગ લઈ તાલુકા મથકે ખાદી વેચાણ કેન્દ્રનો સ્ટોલ રાખવો. જયાંથી સ્વૈચ્છિક રીતે ખાદીની ખરીદી

Scanned by CamScanner

કરી શકાશે. આપના તાલુકામાં કેટલા શિક્ષકોએ ખાદી ખરીદી તથા કેટલી કિંમતની ખાદી ખરીદ કરી એ બાબતની વિગત જિલ્લા કચેરીને તા.૦૨/૧૦/૨૦૧૯ના રોજ બપોરે ૦૨:૦૦ કલાક સુધીમાં બિનચુક મોકલી આપવી.

| ક્રમ | શાળાનું નામ | ખાદી ખરીદનાર શિક્ષકોની સંખ્યા | કેટલી કિંમતની | રિમાર્કસ |
|---|---|---|---|---|
| | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા– પાલનપુર

નોંધઃ–

શિક્ષણ પરિવારના વડા ગુજરાત રાજયના શિક્ષણમંત્રી માન.ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ દ્વારા ખાદી વિચારને પ્રોત્સાહન આપવા શિક્ષકોને દર મંગળવારે ખાદીના વસ્ત્રો પહેરવા વિનંતી કરેલ છે.જેના ભાગરૂપે તાલુકાના વિવિધ ખાદી વેચાણ કેન્દ્રો દ્વારા રાખવામાં આવેલ સ્ટોલ ઉપરથી સ્વૈચ્છિક રીતે ખાદીની ખરીદી કરી શકાશે.

<u>નકલ સવિનય રવાના</u> :–

મે.કલેકટર સા.શ્રી, કલેકટર કચેરી–બનાસકાંઠા

<u>નકલ રવાના જાણ તેમજ અમલ કરવા સારૂ</u>

લાયઝન અધિકારી શ્રી તમામ સદર કચેરી

Scanned by CamScanner

# પ્લાસ્ટિક મુક્ત ભારત – સંકલ્પ પત્ર

હું આથી સંકલ્પ કરું છું કે............

- હું પ્લાસ્ટીકમાંથી બનાવેલ થેલીઓ, થાળી, વાટકા, ગ્લાસ,કપ કે પાણીની બોટલોનો ઉપયોગ કરીશ નહી.
- હું મારી આસપાસના લોકોને એક જ વખત વપરાતા પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા સમજાવીશ.
- હું મારું ઘર, શાળા, ફળિયું, શેરી, બાગ-બગીચા જાહેર સ્થળો, ગામ તથા શહેર,રાજ્ય અને દેશને પ્લાસ્ટિક મુક્ત કરવા હંમેશા પ્રયત્નશીલ રહીશ.
- હું રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા અને પર્યાવરણને પ્રદૂષિત થતું બચાવવા માટે પ્લાસ્ટીક મુક્ત ભારતના સંકલ્પને પૂર્ણ કરવા મન,વચન અને કર્મથી હંમેશાં પ્રયત્નશીલ રહીશ.

...................................................................................................

Scanned with CamScanner

Scanned by CamScanner